યુથ ઓલિમ્પિક્સ: 2 ગોલ્ડ સહિત 10 મેડલ સાથે ભારતનું બીજું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન

નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ): સેનેગલના ડાકાર ખાતે સંપન્ન થયેલી યુથ ઓલિમ્પિક ગેમ્સમાં ભારતીય દળનું કદ ભલે અત્યાર સુધીનું સૌથી નાનું હતું, પરંતુ પ્રદર્શન અત્યંત ઐતિહાસિક રહ્યું છે. સ્પર્ધામાં ભાગ લેનારા 17 ભારતીય ખેલાડીઓમાંથી 9 ખેલાડીઓએ 2 અભૂતપૂર્વ બોક્સિંગ ગોલ્ડ સહિત કુલ 10 મેડલ પોતાના નામે કર્યા છે. સાત અલગ-અલગ રમતોમાં જીતેલા આ 10 મેડલોમાં 2 ગોલ્ડ, 3 સિલ્વર અને 5 બ્રોન્ઝ સામેલ છે. સ્વિમર ધિનિધિ દેશિંગુએ એક જ યુથ ઓલિમ્પિક્સમાં બે બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. બોક્સિંગમાં ગુન (48 કિગ્રા) અને લૈરેનલાક્પામ મીતેઈએ (50 કિગ્રા) ભારત માટે પ્રથમવાર બોક્સિંગના ગોલ્ડ મેડલ જીત્યા હતા. બેડમિન્ટન શટલર તન્વી પત્રીએ સિલ્વર મેડલ જીતીને બેડમિન્ટનમાં યુથ ઓલિમ્પિક્સ મેડલ મેળવનાર પ્રથમ ભારતીય મહિલા બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. આ પ્રદર્શન સાથે ભારતે 2018 (13 મેડલ) બાદ બીજું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવ્યું છે.

વનડેમાં ભારતનો બીજો સૌથી મોટો પરાજય

વિલ યંગની સદી બાદ મેટ હેનરીએ 6 વિકેટ ઝડપી

ન્યૂઝીલેન્ડના 333 રન સામે ભારતીય ટીમ 89 રન પર ઓલઆઉટ થઈ



માઉંટ મૉનગ્નુઈ, તા. 13 (પીટીઆઈ): ફાસ્ટ બોલર મેટ હેનરીની ઘાતક બોલિંગ (6 વિકેટ) અને વિલ યંગની શાનદાર સદીની (125) મદદથી ન્યૂઝીલેન્ડે શુક્રવારે ચોથી વનડે મેચમાં ભારતને 244 રનના વિશાળ અંતરથી કચડી નાખ્યું હતું. વનડે ઈતિહાસમાં રનની દ્રષ્ટિએ ભારતનો આ બીજો સૌથી મોટો પરાજય છે. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ન્યૂઝીલેન્ડે 333 રન બનાવ્યા હતા. ઓપનર ટિમ સીફર્ટ (58) અને વિલ યંગે પ્રથમ વિકેટ માટે 85 રનની ભાગીદારી કરી હતી.

334 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી. પ્રથમ ઓવરમાં જ મેટ હેનરીએ રોહિત શર્મા, વિરાટ કોહલી અને કેપ્ટન શ્રેયસ ઐયરને શૂન્ય રને આઉટ કરીને ભારતનો સ્કોર શૂન્ય રન પર 3 કરી દીધો હતો. ઈશાન કિશન અને અક્ષર પટેલે પાંચમી વિકેટ માટે 44 રનની ભાગીદારી કરી હતી, ભારતીય ટીમ માત્ર 89 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

ન્યૂઝીલેન્ડ	રન	બોલ	4	6
યંગ કો કુશાગ્ર બો નમન	125	108	14	4
સેફર્ટ કો ઈશાન બો ગુરનુર	58	48	6	3
કેલી સ્ટ. ઈશાન બો અક્ષર	4	8	0	0
ફોક્સક્રોફ્ટ કો ગુરનુર બો નબી	8	13	0	0
એલેન કો રોહિત બો અક્ષર	41	30	5	2
બ્રેસવેલ કો નમન બો ગુરનુર	15	20	1	0
સેન્ટનર કો ઈશાન બો અર્શદીપ	24	29	1	2
ક્લાર્ક એલબી બો નબી	22	22	1	1
જેમીસન અણનમ	19	21	1	0
હેનરી રન આઉટ	2	2	0	0
ફીશર રન આઉટ	1	1	0	0
વધારાના	14			
કુલ 50 ઓવરમાં 10 વિકેટે 333 રન				

વિકેટ પતન: 1-85, 2-96, 3-125, 4-215, 5-256, 6-258, 7-293, 8-318, 9-332, 10-333

બોલિંગ	O	M	R	W
અર્શદીપ સિંહ	10	0	55	1
આકીબ નબી	8	0	59	2
ગુરનુર બરાર	10	0	69	2
અક્ષર પટેલ	10	0	39	2
કુલદીપ યાદવ	8	0	73	0
નમન ધીર	4	0	29	1

ભારત	રન	બોલ	4	6
રોહીત કો એલેન બો હેનરી	0	1	0	0
ગાયકવાડ કો બ્રેસવેલ બો જેમીસન	5	13	0	0
કોહલી બો હેનરી	0	4	0	0
અય્યર એલબી બો હેનરી	0	1	0	0
ઈશાન બો હેનરી	27	53	4	0
અક્ષર કો એલેન બો ફીશર	21	36	3	0
નમન કો સેન્ટનર બો ફીશર	21	24	0	2
નબી કો સેફર્ટ બો ફીશર	5	8	1	0
કુલદીપ બો હેનરી	1	4	0	0
ગુરનુર બો હેનરી	2	13	0	0
અર્શદીપ અણનમ	0	3	0	0
વધારાના	7			
કુલ 26.4 ઓવરમાં 10 વિકેટે	89 રન			

વિકેટ પતન: 1-0, 2-0, 3-0, 4-9, 5-53, 6-61, 7-66, 8-69, 9-83, 10-89

બોલિંગ	O	M	R	W
મેટ હેનરી	9.4	2	27	6
કીલી જેમીસન	6	2	12	1
કિસ્ટન ક્લાર્ક	2	0	13	0
મેથ્યુ ફીશર	7	1	31	3
માઈકલ બ્રેસવેલ	2	0	6	0

વનડેમાં પ્રથમ ઓવરમાં સૌથી વધુ વિકેટનો રેકોર્ડ

બોલર-દેશ	વર્ષ	વિકેટ	વિરૂદ્ધ દેશ
ચામિન્ડા વાસ	2003	4	બાંગ્લાદેશ
શોન પોલોક-દક્ષિણ આફ્રિકા	1997	3	પાકિસ્તાન
મેટ હેનરી-ન્યૂઝીલેન્ડ	2026	3	ભારત

પ્રથમ ઓવરમાં 0 રને 3 કે તેનાથી વધુ વિકેટ ગુમાવનાર ટીમ

દેશ	વિરૂદ્ધ ટીમ	રન-વિકેટ	બોલર	વર્ષ
પાકિસ્તાન	દ. આફ્રિકા	0/3	શોન પોલક	1997
બાંગ્લાદેશ	શ્રીલંકા	0/4	ચામિંડા વાસ	2003
ભારત	ન્યૂઝીલેન્ડ	0/3	મેટ હેનરી	2026

પ્રથમ ઓવરમાં શૂન્ય રને 3 વિકેટ ગુમાવનાર ભારત ત્રીજી ટીમ

» મેટ હેનરીએ ઇનિંગ્સની પ્રથમ ઓવરમાં જ 3 વિકેટ ઝડપી હતી, વનડે ક્રિકેટના ઇતિહાસમાં પ્રથમ ઓવરમાં 3 કે તેથી વધુ વિકેટ ઝડપવાની આ માત્ર ત્રીજી જ ઘટના છે.

» મેટ હેનરીએ આ મેચમાં માત્ર 27 રન આપીને 6 વિકેટ ઝડપી હતી, જે વનડે ક્રિકેટમાં ભારત સામે કોઈ પણ બોલરનું શ્રેષ્ઠ પ્રદર્શન છે.

» ભારતનો 244 રનથી પરાજય વનડે ઇતિહાસમાં રનની દ્રષ્ટિએ ભારતનો બીજો સૌથી મોટો પરાજય છે. (ભારતનો સૌથી મોટો પરાજય 2000માં શારજાહ ખાતે શ્રીલંકા સામે 245 રનનો હતો.)

» ભારતીય ટીમ વનડેમાં 100થી ઓછા રને ઓલઆઉટ થઈ હોય તેવો આ આઠમો કિસ્સો છે.

» રનોની દ્રષ્ટીએ ન્યૂઝીલેન્ડનો આ બીજો સૌથી મોટો વિજય છે, આ પહેલાં તેણે 2008માં આયરલેન્ડને 290 રને હરાવ્યું હતું.

૧૯ એશિયા કપ: આજે ભારત-પાકિસ્તાન વચ્ચે ફાઇનલ

મેચનું જીવંત પ્રસારણ સોની સ્પોર્ટસ અને લાઇવ સ્ટ્રીમીંગ સોની લીવ પર સવારે 10:30 વાગ્યે



અલ અમીરાત (ઓમાન), તા. 13 (પીટીઆઈ): અંડર-19 એશિયા કપની શનિવારે રમાનારી ફાઇનલ મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન પાકિસ્તાનને હરાવીને નવમું ટાઇટલ જીતવાના ઇરાદા સાથે મેદાનમાં ઉતરનાર ભારતીય ટીમ પોતાના મુખ્ય ખેલાડીઓ ઉપરાંત અન્ય ખેલાડીઓ પાસેથી પણ સારા પ્રદર્શનની આશા રાખી રહી છે. ગત વર્ષે પાકિસ્તાને ભારતને 151 રને હરાવીને ટાઇટલ જીત્યું હતું.

ભારતીય ટીમ માટે પૂર્વ ઓપનર વીરેન્દ્ર સેહવાગના પુત્ર આર્યવીર સેહવાગે 4 મેચમાં 103ની સરેરાશથી 303 રન બનાવીને શાનદાર પ્રદર્શન કર્યું છે, જ્યારે ઝડપી બોલર ઇશાન સૂદે 11 વિકેટ ઝડપી છે. જો કે, કેપ્ટન લક્ષ્ય રાયચંદાની, વિકેટકીપર-બેટર અન્વય દ્રવિડ અને અર્જુન રાજપૂત જેવા ખેલાડીઓએ ફાઇનલમાં સારું પ્રદર્શન કરવું પડશે.

પાકિસ્તાન તરફથી ઉસ્માન ખાન (238 રન) અને બોલર રિઝવાનુલ્લાહ (11 વિકેટ) મુખ્ય ખેલાડીઓ છે. પાકિસ્તાન પાસે મોહમ્મદ સૈયમ અને અલી રઝા જેવા ઘાતક બોલરો પણ છે. ભારતને જો રેકોર્ડ બનાવવો હશે તો આર્યવીર અને ઇશાન ઉપરાંત સમગ્ર ટીમે શ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડશે.

ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને હરાવ્યું

ઈંગ્લેન્ડને 131 રન પર ઓલઆઉટ કર્યા બાદ ઓસ્ટ્રેલિયાએ સહેલાઈથી લક્ષ્યાંક મેળવ્યો

પર્થ, તા. 13 (એપી): યુવા ફાસ્ટ બોલર માહલી બિયર્ડમેનના ડેબ્યૂ મેચમાં ઐતિહાસિક 6 વિકેટના તરખાટ અને કેપ્ટન મિચેલ માર્શની આક્રમક અર્ધસદીની મદદથી ઓસ્ટ્રેલિયાએ શુક્રવારે પ્રથમ વનડે મેચમાં ઈંગ્લેન્ડને 7 વિકેટે પરાજય આપી શ્રેણીમાં 1-0ની સરસાઈ મેળવી લીધી છે.

21 વર્ષીય બિયર્ડમેને માત્ર 24 રન આપી 6 વિકેટ ઝડપી હતી. ઈંગ્લેન્ડની ટીમ 34 ઓવરમાં 131 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયાએ 159 બોલ બાકી હતા ત્યારે 3 વિકેટે 132 રન બનાવી સરળ જીત મેળવી હતી.

મેચના મહત્વના રેકોર્ડ્સ:

» માહલી બિયર્ડમેને આંતરરાષ્ટ્રીય વન-ડે ડેબ્યૂ મેચમાં 24 રન આપીને 6 વિકેટ ઝડપી છે, જે ઓસ્ટ્રેલિયાના ઇતિહાસમાં કોઈ પણ બોલરનું શ્રેષ્ઠ ડેબ્યૂ પ્રદર્શન છે.

» તે 1988માં શ્રીલંકા સામે 5 વિકેટ લેનાર ટોની ડોડેમાઈડ બાદ વન-ડે ડેબ્યૂમાં પાંચ કે તેથી વધુ વિકેટ ઝડપનાર બીજો સ્ટ્રેલિયન બોલર બન્યો છે.

» ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન જો રૂટે આ મેચ દ્વારા પોતાની કારકિર્દીની 200મી વન-ડે ઇન્ટરનેશનલ મેચ રમી હતી.

2032-35 વચ્ચે રમાશે ICCની 6 મોટી ટુર્નામેન્ટ

નવી દિલ્હી, તા. 13: ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે (ICC) વર્ષ 2032થી 2035 સુધીના આગામી 4 વર્ષના ચક્ર માટે પોતાનું સંભવિત ક્રિકેટ કેલેન્ડર તૈયાર કરી લીધું છે. આ સમયગાળા દરમિયાન કુલ 6 મોટી ICC ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવશે, જેની શરૂઆત 2032માં T20 વર્લ્ડકપથી થશે અને સમાપન 2035ના વનડે વર્લ્ડકપ સાથે થશે. ખાસ વાત એ છે કે 2033 અને 2035માં એક જ વર્ષમાં બે મોટી ટુર્નામેન્ટ જોવા મળશે. 2032માં ઓક્ટોબર-નવેમ્બર દરમિયાન T20 વર્લ્ડકપ રમાશે. ત્યારબાદ 2033ના જૂનમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની ફાઇનલ અને ઓક્ટોબરમાં 8 ટીમોની ચેમ્પિયન્સ ટ્રોફી પ્રસ્તાવિત છે.

શકીલની લડાયક 97 રનની ઈનિંગે પાકિસ્તાનને હારથી બચાવ્યું

શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટ ડ્રો

રાવલપીંડી, તા. 13 (એપી): સાઉદ શકીલ સતત બીજી વખત પોતાની સદી ચૂકી ગયો હોવા છતાં તેની 97 રનની લડાયક ઈનિંગના જોરે પાકિસ્તાને શુક્રવારે પાંચમા અને છેલ્લા દિવસે શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટ મેચ ડ્રો કરવામાં સફળતા મેળવી હતી.

પ્રથમ ઈનિંગમાં 93 રન બનાવનાર શકીલે અંતિમ દિવસે 210 બોલનો સામનો કરીને એક છેડો સાચવી રાખ્યો હતો. એક સમયે શ્રીલંકન ફાસ્ટ બોલરોના તરખાટ સામે પાકિસ્તાને 125 રનમાં 5 વિકેટ ગુમાવી દીધી હતી અને હારનું સંકટ તોળાઈ રહ્યું હતું. કેપ્ટન બાબર આઝમ પણ 34 રન બનાવી આઉટ થયો હતો, જેનાથી ટેસ્ટમાં તેની સદીનો દુષ્કાળ 42 ઈનિંગ સુધી લંબાયો છે.

જોકે, શકીલે ગાઝી ઘોરી (35) સાથે મળીને 92 રનની મેચ-બચાવનારી ભાગીદારી નોંધાવી હતી. પાકિસ્તાને બીજી ઈનિંગમાં 8 વિકેટે 284 રન બનાવી કુલ 272 રનની લીડ મેળવી ત્યારે બંને ટીમોની સંમતિથી મેચ ડ્રો જાહેર કરાઈ હતી. શ્રીલંકા તરફથી મિલન રત્નાયકેએ 3 વિકેટ ઝડપી હતી. બંને ટીમો વચ્ચે બીજી ટેસ્ટ આગામી મંગળવારથી રાવલપિંડીમાં જ રમાશે.

WTA ફાઇનલ્સ: નોસ્કોવાને હરાવી પેગુલા સેમિફાઇનલમાં

ઇન્ડિયન વેલ્સ (અમેરિકા), તા. 13 (એપી): WTA ફાઇનલ્સમાં રમાયેલી રોમાંચક મુકાબલામાં જેસિકા પેગુલાએ લિન્ડા નોસ્કોવા સામે 7-6 (2), 4-6, 7-5થી વિજય મેળવીને સેમિફાઇનલમાં જગ્યા બનાવી લીધી છે. પેગુલાએ મેચમાં કારકિર્દીના સર્વશ્રેષ્ઠ 16 એસ ફટકાર્યા હતા અને મેચ પોઇન્ટ બચાવીને અંતિમ ત્રણ ગેમ જીતી હતી. નોસ્કોવાના આ પરાજયના કારણે પેગુલાની પૂર્વ ડબલ્સ જોડીદાર કોકો ગફ ટૂનમિન્ટમાંથી બહાર થઈ ગઈ છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે રાષ્ટ્રીય ખેલ પુરસ્કાર એનાયત

2014 બાદ પ્રથમવાર ખેલ રત્ન વિના સમારોહ યોજાયો

નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ): રાષ્ટ્રપતિ મુર્મુએ શુક્રવારે રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત એક ભવ્ય સમારોહમાં વર્ષ 2026ના રાષ્ટ્રીય ખેલ પુરસ્કારો એનાયત કર્યા હતા. આશરે 36 મિનિટ સુધી ચાલેલા આ કાર્યક્રમમાં કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયા અને રમતગમત સચિવ હરિ રંજન રાવ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, વર્ષ 2014 બાદ પ્રથમવાર એવું બન્યું છે જ્યારે દેશના સર્વોચ્ચ 'મેજર ધ્યાનચંદ ખેલ રત્ન' પુરસ્કાર માટે કોઈ પણ ખેલાડીની પસંદગી કરવામાં આવી નથી. આ વર્ષે કુલ 17 ખેલાડીઓને અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. ડેકાથ્લોન ખેલાડી તેજસ્વિન શંકર, ચેસ ગ્રાન્ડમાસ્ટર દિવ્યા દેશમુખ અને વિદિત ગુજરાતી, બોક્સર નરેન્દ્ર બેરવાલ તથા બધિર રાઈફલ શૂટર ધનુષ શ્રીકાંતે એવોર્ડ સ્વીકાર્યો હતો. આ ઉપરાંત બેડમિન્ટન શટલર ગાયત્રી ગોપીચંદ અને ત્રીસા જોલી, પેરા-એથ્લીટ એકતા ભયાન તથા શૂટર રુદ્રાંશ ખંડેલવાલને પણ આ સન્માન મળ્યું છે.

